# હસ્તપ્રતભંડારો – વર્તમાન સ્થિતિ અને હવે પછીનું કાર્ય

કનુભાઈ શેઠ

આધુનિક યુગમાં સુશિક્ષિત, સંસ્કારસંપન્ન અને પ્રગતિશીલ સમાજમાં ગ્રંથાલય – લાઇબ્રેરીનું જે મહત્ત્વ છે, તેવું જ મહત્ત્વ પૂર્વકાલમાં હસ્તપ્રતભંડારોનું હતું.

ભારતની ત્રણે ધાર્મિક પરંપરા – વૈદિક, બૌદ્ધ અને જૈનમાં આવા ગ્રંથભંડારો થયા હતા. પણ જૈનોમાં ગ્રંથસંગ્રહ કરવાની સંગઠિત વ્યવસ્થાપદ્ધતિ હોવાથી આ ગ્રંથભંડારો અન્ય બે પરંપરા કરતાં વિશેષ પ્રમાણમાં જળવાઈ રહ્યા છે.

અત્રે મુખ્યત્વે આવા જૈનભંડારોની હાલની પરિસ્થિતિ અંગે વાત કરવાનો ઉપક્રમ છે.

ભારતમાં – ખાસ કરીને ગુજરાતમાં બે પ્રકારના ગ્રંથભંડારો જોવા મળે છે, એક વ્યક્તિગત અને બીજા સાંઘિક માલિકીના.

ગુજરાતમાં પણ ખાસ કરીને જૈન પરંપરામાં સામાન્યતઃ ગ્રંથભંડારો સાંઘિક માલિકીના જોવા મળે છે. જેનું સંરક્ષણ કે સંવર્ધન સંઘ જ કરે છે. આના પરિણામે જૈન પરંપરાના અનેક ગ્રંથભંડારો હાલ પણ વિદ્યમાન રહ્યા છે. જોકે અહીં નોંધવું ઘટે કે કેટલાક જૈન સાધુ-મુનિઓના વ્યક્તિગત ગ્રંથભંડારો પણ જોવા મળે છે.

ઉપર્યુક્ત બે પ્રકારના ગ્રંથભંડારો ઉપરાંત હાલ થોડાં વર્ષોમાં એક ત્રીજા પ્રકારના ગ્રંથભંડારો અસ્તિત્વમાં આવ્યા છે તે છે સંશોધનસંસ્થા કે વિદ્યાસંસ્થા સાથે સંકળાયેલા કે તે દ્વારા સંચાલિત ગ્રંથભંડારો. આવા ગ્રંથભંડારો સામાન્યતઃ પૂર્વોક્ત ગ્રંથભંડારોના અવશેષમાંથી બન્યા છે, તે અત્રે નોંધવું જોઈએ.

## સંસ્થા સાથે સંકળાયેલા ગ્રંથભંડારો

હાલ ઉપલબ્ધ માહિતી અનુસાર સંસ્થા સાથે સંકળાયેલા ગ્રંથભંડારો નીચે પ્રમાણે છે.

(૧) લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર (ગુજરાત યુનિ. પાસે) અમદાવાદના ગ્રંથભંડારો (હસ્તપ્રતસંખ્યા ૭૫૦૦૦)

(૨) ગુજરાત વિદ્યાસભા ભો. જે. સંશોધન વિદ્યાભવન (આશ્રમ રોડ) અમદાવાદ સાથે સંકળાયેલો ગ્રંથભંડાર (હસ્તપ્રતસંખ્યા ૧૦,૦૦૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પ્રાચ્ય વિદ્યામંદિર (એમ. એસ. યુનિ.) વડોદરાનો ગ્રંથભંડાર (હસ્તપ્રત-સંખ્યા ૨૭૦૦૦)

(૪) ગુજરાત વિદ્યાપીઠ (આશ્રમરોડ) અમદાવાદનો ગ્રંથભંડાર (હસ્તપ્રતસંખ્યા ૪૩૭)

(૫) સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી – ચુનીલાલ ગાંધી વિદ્યાભવન (એમ.ટી.બી. કોલેજ, અઠવાલાઈન્સ) સુરતનો ગ્રંથભંડાર (હસ્તપ્રતસંખ્યા ૬૦)

(૬) ઇન્ડોલોજિકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, (શારદાપીઠ) દ્વારકાનો ગ્રંથભંડાર (હસ્તપ્રત-સંખ્યા ૩૦૦૦ આશરે)

(૭) ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈમાં સચવાયેલો ગ્રંથભંડાર (હસ્તપ્રતસંખ્યા ૧૮૦૦ ગુટકા પ્રકારની)

આ હસ્તપ્રતભંડારોમાં નીચે પ્રમાણે વ્યવસ્થા જોવા મળે છે.

(૧) હસ્તપ્રતો સામાન્યતઃ કાગળના રેપર(આવરણ)માં રાખવામાં આવી છે. કેટલાક ભંડારોમાં વ્યક્તિગત હસ્તપ્રત કે હસ્તપ્રતપોથી (અમુક પ્રતોની થોકડી) સફેદ કે લાલ કપડાના બંધનમાં બાંધીને રાખવામાં આવી છે.

(૨) હસ્તપ્રતો લાકડાના ડબામાં રાખવામાં આવી હોય છે કે કેટલીક જગ્યાએ સ્ટીલના કે લાકડાના કબાટમાં થોકડીબદ્ધ ગોઠવવામાં આવી હોય છે.

(૩) હસ્તપ્રતો પર ક્રમાંક કરવામાં આવ્યા હોય છે, ક્રમાંક પ્રમાણે હસ્તપ્રતો ગોઠવેલી હોય છે.

(૪) હસ્તપ્રતોનાં સૂચિ-કાર્ડ (Catalogue Card) તૈયાર કરવામાં આવેલાં હોય છે અને તે કાર્ડ-કેબિનેટમાં અકારાદિક્રમે મૂકવામાં આવ્યાં હોય છે.

(૫) આ સૂચિ-કાર્ડ અનુસાર રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું હોય છે.

(૬) આમાંના કેટલાક ગ્રંથભંડારોની સૂચિ (Catalogue) પ્રકાશિત થયેલી છે.

(૭) કેટલાક ભંડારોની હસ્તપ્રતોનું વર્ણનાત્મક કેટલોગ (Descriptive Catalogue) પણ પ્રકાશિત થયેલ છે.

(૮) પ્રત જોવા કે મેળવવા માટે એના કાર્યાલયનો સમય નક્કી થયેલો હોય છે.

(૯) અધ્યક્ષ કે સંચાલક કે ટ્રસ્ટીનો સંપર્ક કરવાથી હસ્તપ્રત કે એની ઝેરોક્ષ નકલ મેળવી શકાય છે.

અહીં નોંધવું જોઈએ કે આ ગ્રંથભંડારોની સૂચિ પરથી એક સંકલિત વર્ણનાત્મક સૂચિ (Collective descriptive catalogue) તૈયાર કરવી જોઈએ. (આવી એક સંકલિત યાદી શ્રી કે. કા. શાસ્ત્રીજીએ તૈયાર કરવાનો આરંભનો પ્રયાસ કર્યો હતો.) જેથી વિદ્યાર્થીઓને કે વિદ્વાનોને કે સંશોધકોને એમને જરૂરી હોય એવી પ્રત અંગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સાંઘિક ગ્રંથભંડારો

હાલ આપણને ગુજરાતમાં ઉપલબ્ધ માહિતી અનુસાર વિવિધ સ્થળોએ આવેલા સાંઘિક ભંડારો નીચે મુજબ છે.

**અમદાવાદ**માં નીચે જણાવેલ **તેર** જેટલા સાંઘિક ભંડારો જોવા મળે છે.

(૧) પં. રૂપવિજયગણિ જ્ઞાનભંડાર (ડહેલા ગ્રંથભંડાર) (દોશીવાડાની પોળ), અમદાવાદ. (હસ્તપ્રતસંખ્યા આશરે ૧૫૦૦૦)

(૨) શ્રી વીરવિજય શાસ્ત્રસંગ્રહ – ગ્રંથભંડાર (ભઠ્ઠીની બારી, ફતાશાની પોળની સામે) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૭૦૦૦)

(૩) શ્રી સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર (હાજા પટેલની પોળ) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૮૦૦૦)

(૪) શ્રી વિમલગચ્છ શાસ્ત્રસંગ્રહ – ગ્રંથભંડાર (દિવશાનો પાડો) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૬૦૦૦)

(૫) શ્રી વિજયનેમિસૂરિ હસ્તપ્રતભંડાર (પાંજરાપોળ, જૈન ઉપાશ્રય, પાંજરાપોળ) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૨૦,૦૦૦)

(૬) શ્રી વિજયનીતિસૂરિ ગ્રંથભંડાર (લુહારની પોળ, માણેકચોક) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૩૦૦૦)

(૭) શ્રી નીતિવિજય જૈન પુસ્તકાલય – ગ્રંથભંડાર (ફતાશાપોળની સામે) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૩૦૦૦)

(૮) શ્રી વિજયદાનસૂરિ ગ્રંથભંડાર, (મનસુખભાઈની પોળ, કાલુપુર) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૫૦૦૦)

(૯) શ્રી સુરેન્દ્રસૂરિ જૈન ગ્રંથભંડાર (પટણીની ખડકી, ઝવેરીવાડ) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૩૦૦૦)

(૧૦) શ્રી જૈન વિદ્યાશાળા ગ્રંથભંડાર (દોશીવાડાની પોળ) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૫૦૦૦)

(૧૧) શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન ગ્રંથભંડાર. (જૈન સોસાયટી, પાલડી) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૩૫૦૦)

(૧૨) શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (શામળાની પોળ) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૩૦૦૦)

(૧૩) આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (કોબા) અમદાવાદ (હસ્તપ્રતસંખ્યા આશરે ૯૦,૦૦૦)

**પાટણ**માં આવેલા જુદાજુદા ગ્રંથભંડારો અને તેમાં રહેલા ગ્રંથોની સંખ્યા નીચે મુજબ છે.

(૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર ગ્રંથભંડાર (પંચાસરાજી પાસે) પાટણ (હસ્તપ્રતસંખ્યા ૧૯૭૭૦ કાગળની + તાડપત્ર ૪૧૩ સંઘવીના પાડામાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાલ પ્રાપ્ત થયેલ + ૧૫૯ તાડપત્રની પ્રત.)

(૨) શ્રી કેસરબાઈ જૈન જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (પંચાસરાજી પાસે) પાટણ (હસ્તપ્રતસંખ્યા – હવે કાંઈ નથી)

(૩) શ્રી વિમલગચ્છ જૈન જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ભાભાનો પાડો) પાટણ (હસ્તપ્રતસંખ્યા ૨૩૩૬)

(૪) શ્રી ખેતરવસી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ખેતરવશી પાડો) પાટણ (હસ્તપ્રતસંખ્યા ૭૬)

(૫) દરિયાપુરી આઠકોટી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય – ગ્રંથભંડાર (ઘેલમાતાની ખડકી બઝાર રોડ) પાટણ. (હસ્તપ્રતસંખ્યા આશરે ૫૦૦૦)

**વડોદરા**માં આવેલા **ત્રણ** ગ્રંથભંડાર નીચે મુજબ છે.

(૧) શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (કોઠી પોળ) વડોદરા. (હસ્તપ્રતસંખ્યા ૫૦૦૦)

(૨) શ્રી હંસવિજયજી ગ્રંથભંડાર (નરસિંહજીની પોળ) વડોદરા. (હસ્તપ્રત-સંખ્યા ૪૩૬૨)

(૩) શ્રી કાંતિવિજય શાસ્ત્રસંગ્રહ – ગ્રંથભંડાર (નરસિંહજી પોળ) વડોદરા (હસ્તપ્રતસંખ્યા ૭૬૬૪)

વડોદરા સમીપ આવેલ **છાણી**માં નીચે પ્રમાણે **બે** ભંડાર છે.

(૧) શ્રી વીરવિજય શાસ્ત્રસંગ્રહ – ગ્રંથભંડાર, (વીરવિજય જૈન જ્ઞાનમંદિર છાણી)

(૨) શ્રી પ્રવર્તક કાંતિવિજયજી સંગ્રહ – ગ્રંથભંડાર (વીરવિજય જૈન જ્ઞાનમંદિર છાણી)

**ડભોઈ**માં નીચે પ્રમાણે **ત્રણ** ભંડાર છે.

(૧) શ્રી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર ગ્રંથભંડાર, (શ્રીમાળી વગો) ડભોઈ (હસ્તપ્રતસંખ્યા ૧૫૦૦૦)

(૨) શ્રી રંગવિજયજી શાસ્ત્રસંગ્રહ (યશોવિજયજી જ્ઞાનમંદિર) ગ્રંથભંડાર. (શ્રીમાળી વગો) ડભોઈ

(૩) શ્રી અમરવિજયજી જ્ઞાનમંદિર જૈન ગ્રંથભંડાર (શ્રીમાળી વગો) ડભોઈ

**સુરત** મુકામે હાલ **આઠ** ગ્રંથભંડાર હોવાની માહિતી છે.

(૧) જૈન આનંદ પુસ્તકાલય – ગ્રંથભંડાર (આગમમંદિર રોડ) સુરત (હસ્તપ્રત સંખ્યા ૩૧૦૦)

(૨) શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ગોપીપુરા) સુરત (હસ્તપ્રત-સંખ્યા ૧૦૨૯)

(૩) શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ભૂતિયાવાસ, ગોપીપુરા) સુરત (હસ્તપ્રતસંખ્યા ૨૭૦૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) શ્રી હુકમ મુનિ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ગોપીપુરા મેઈન રોડ) સુરત (હસ્તપ્રતસંખ્યા ૭૧૧)
(૫) શેઠ નેમચંદ મેળાપચંદ વાડી ઉપાશ્રય – ગ્રંથભંડાર (જૂની અદાલત, ગોપીપુરા) સુરત (હસ્તપ્રતસંખ્યા ૮૯૧)
(૬) શેઠ દેવચંદ લાલભાઈ જૈન લાઇબ્રેરી ગ્રંથભંડાર (બાવાસીદી, ગોપીપુરા) સુરત (હસ્તપ્રતસંખ્યા ૩૮૬)
(૭) શ્રી ધર્મનાથ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (દેવસુરગચ્છ) (હાથીવાળા ખાંચો, ગોપીપુરા) સુરત (હસ્તપ્રતસંખ્યા ૧૦૪૭)
(૮) શ્રી આદિનાથજી મંદિર, જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (આણસુર ગચ્છ) (ગોપીપુરા) સુરત (હસ્તપ્રતસંખ્યા ૧૬૧૨)

**ખંભાત**માં નીચે મુજબ **ચાર** ગ્રંથભંડાર આવેલા છે.

(૧) શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ભોંયરાનો પાડો) ખંભાત (હસ્તપ્રતસંખ્યા ૩૭૫ તાડપત્ર, ૧૫૦ કાગલ)
(૨) શ્રી નીતિવિજય જ્ઞાનભંડાર – જ્ઞાનવિમલ સૂરિભંડાર (જૈનશાલા, અમર ટેકરી) ખંભાત (હસ્તપ્રતસંખ્યા ૪૦૦૦)
(૩) વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (ખારવાડો) ખંભાત (હસ્તપ્રત-સંખ્યા ૨૦,૦૦૦)
(૪) પાર્શ્વચંદ્ર ગચ્છનો ભંડાર અથવા ભ્રાતૃચંદ્રજીનો ગ્રંથભંડાર ખંભાત

**ઈડર** મુકામે નીચે મુજબ **ત્રણ** ભંડાર જોવા મળે છે.

(૧) શ્રી દિગંબર જૈન ભટ્ટારકીય ગ્રંથભંડાર (પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર) ઈડર
(૨) શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વર શાસ્ત્રસંગ્રહ – ગ્રંથભંડાર (કોઠારીવાડા) ઈડર (હસ્તપ્રતસંખ્યા ૭૦૦૦)
(૩) આણંદજી મંગલજીની પેઢી – ગ્રંથભંડાર (કોઠારીવાડા) ઈડર.

**કપડવંજ**માં નીચે પ્રમાણે **પાંચ** ગ્રંથભંડાર છે.

(૧) અભયદેવસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (ક્ષત્રિયવાડ પાઠશાળા) કપડવંજ
(૨) મુનિશ્રી સૂર્યોદયસાગર જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (ક્ષત્રિયવાડ) કપડવંજ
(૩) શ્રી મીઠાભાઈ ગુલાબચંદ જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (દલાલવાડા) કપડવંજ
(૪) શ્રી અષ્ટાપદ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (અષ્ટાપદ દહેરાસર) કપડવંજ
(૫) શ્રી માણેકભાઈ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર કપડવંજ

**જામનગર**માં નીચે પ્રમાણે **ત્રણ** ભંડાર છે.

(૧) શ્રી જૈન આનંદ જ્ઞાનમંદિર – ગ્રંથભંડાર (દેવબાગ ઉપાશ્રય) ચાંદીબજાર જામનગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) શ્રી ડુંગરસિંગજી સ્થા. જૈન પુસ્તકાલય – ગ્રંથભંડાર જામનગર
(૩) શ્રી અંચલગચ્છ ઉપાશ્રય જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર જામનગર

**લીંબડી** મુકામે નીચે મુજબ ત્રણ ગ્રંથભંડાર છે.

(૧) શ્રી ગોપાલસ્વામી પુસ્તકાલય – ગ્રંથભંડાર લીંબડી
(૨) પૂ. શ્રી અજરામરજી સ્વામી જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર લીંબડી
(૩) આણંદજી કલ્યાણજી પેઢી જ્ઞાનભંડાર, લીંબડી

**ભાવનગર**માં નીચે મુજબ **બે** ગ્રંથભંડાર હાલ જોવા મળે છે.

(૧) શ્રી જૈન આત્માનંદસભા – ગ્રંથભંડાર (ખારગેટ) ભાવનગર
(૨) શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢી-ગ્રંથભંડાર (મોટા દહેરાસરજી) ભાવનગર.

**પાલીતાણા**માં નીચે મુજબ **સાત** હસ્તપ્રત ગ્રંથભંડાર છે.

(૧) દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, તલેટી) પાલીતાણા [હવે લા.દ.ભા.સં.વિ.મં. અમદાવાદમાં]
(૨) શ્રી યશોવિજયજી ગુરુકુલ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (સ્ટેશન પાસે) પાલીતાણા.
(૩) શ્રી કપુરવિજય ગ્રંથભંડાર (શ્રી મોતીસુખિયા ધર્મશાલા, પોસ્ટઑફિસ પાસે) પાલીતાણા.
(૪) શ્રી જૈન આગમ સાહિત્ય મંદિર-ગ્રંથભંડાર. (શ્રી સાહિત્યમંદિર, તલાટી રોડ) પાલીતાણા
(૫) શ્રી વીરબાઈ પુસ્તકાલય ગ્રંથભંડાર (શેઠ નરસી કેશવજીની ધર્મશાલા સામે) પાલીતાણા.
(૬) શ્રી મોતીબાઈ ગ્રંથભંડાર (મોતી કડિયાની ધર્મશાળા, સુખડિયાબજાર) પાલીતાણા
(૭) શ્રી વિજયદર્શન સૂરીશ્વરજી જૈન જ્ઞાનશાલા ગ્રંથભંડાર (સાહિત્યમંદિરની બાજુમાં, તલાટી રોડ) પાલીતાણા

**વીરમગામ** મુકામે નીચેની વિગતે **બે** ભંડાર આવેલા છે.

(૧) પાર્શ્વચંદ્રસૂરિ જૈન ગ્રંથભંડાર, વીરમગામ
(૨) વીરમગામ જૈન સંઘનો ગ્રંથભંડાર (આણંદજી કલ્યાણજીની પેઢી), વીરમગામ (હસ્તપ્રતસંખ્યા ૬૩)

આ ઉપરાંત જુદાંજુદાં ગામોમાં નીચે પ્રમાણે ગ્રંથભંડારો છે.

**ઉત્કંઠેશ્વરમાં એક** ગ્રંથભંડાર છે.

પાર્શ્વચંદ્ર ગચ્છ ઉપાશ્રય. બજારમાં માંડલ
શ્રી નીતિવિજય જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (જૈન ઉપાશ્રય) ચાણસ્મા
શ્રી ભગવાન વાસુપૂજ્ય મંદિર જૈન જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર (વાસુપૂજ્ય જૈન દહેરાસર) સુરેન્દ્રનગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન શ્વેતાંબર જ્ઞાનમંદિર, વિજાપુર
ભદ્રંકરસૂરિ જૈન જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર, સાણંદ
સુબોધસાગરસૂરિ જ્ઞાનભંડાર – ગ્રંથભંડાર સાણંદ
શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ ગ્રંથભંડાર (હજુર પેલેસ, વર્ધમાનનગર) રાજકોટ (હસ્તપ્રતસંખ્યા ૧૪૦૦)
જૈન સંઘ ભંડાર માંગરોળ (સૌરાષ્ટ્ર)
જૈન સંઘ ભંડાર બોરસદ
ડાહીલક્ષ્મી જ્ઞાનભંડાર નડિયાદ (ગ્રંથસંખ્યા ૧૫૦૦)
વિજયલાવણ્યસૂરિ જૈન જ્ઞાનમંદિર બોટાદ
પ્રવર્તક મુનિ કાંતિવિજયજી શાસ્ત્રસંગ્રહ છાણી

આટલા ભંડારો અંગે ચોક્કસ (જે તે સ્થળે છે તેવી) માહિતી ઉપલબ્ધ થઈ શકી છે.

આ ઉપરાંત નીચેના સ્થળે હસ્તપ્રત ગ્રંથભંડાર હોવાની સંભાવના છે. જેની તપાસ ચાલુ છે. જાતતપાસ કરીને આ અંગે અંતિમ નિર્ણય લઈ શકાય કેમકે ઘણીવાર આવો ભંડાર ત્યાંથી બીજે ખસેડાઈ ગયો હોય છે કે રફેદફે થઈ ગયો હોય છે. ઝીંઝુવાડા, ઊંઝા, પાલેજ, નડિયાદ, વાવ, લીંચ, જોટાણા, વાંકાનેર, માંગરોલ, ગોંડલ, મોરબી, આગલોડ, રાધનપુર, વઢવાણ તથા કચ્છ વિસ્તારમાં કોડાય, ભચાઉ, જખઉ કોઠારા, નળિયા પત્રી, મુંદ્રા, ભાડિયા, માંડવી અને ભુજ વગેરે સ્થળે ગ્રંથભંડાર હોવાની સંભાવના છે.

આ બધા ભંડારો સાંઘિક સંચાલન હેઠળના ભંડારો છે. આ ગ્રંથભંડારો કાં તો કોઈ ધાર્મિક ટ્રસ્ટ કે ઉપાશ્રય કે પેઢી કે જ્ઞાનમંદિર કે વિદ્યામંદિર કે સંઘ જેવી સંસ્થાના સંચાલન હેઠળ હોય છે.

આ ભંડારોની સ્થિતિ અંગે આ પ્રમાણે કહી શકાય

(૧) ડહેલા ગ્રંથભંડાર, સુરેન્દ્રસૂરિ જૈન જ્ઞાન ભંડાર જેવા ભંડારની હસ્તપ્રતોનાં કૃતિ-કાર્ડ કરવામાં આવ્યાં છે અને તેને રજિસ્ટરમાં નોંધવામાં આવ્યાં છે. હસ્તપ્રતો સાઈઝ પ્રમાણે થોકડીબદ્ધ ગોઠવી તે થોકડીને લાકડાના ડબ્બામાં મૂકવામાં આવી છે. અને તે ડબ્બાઓ સ્ટીલના કે લાકડાના કબાટમાં રાખવામાં આવ્યા છે.

(૨) કેટલાક ભંડારોમાં ડબ્બાનો અભાવ હોય છે. ત્યાં હસ્તપ્રતો લાકડાના કે સ્ટીલના કબાટમાં થોકડીબદ્ધ કરીને મૂકવામાં આવી હોય છે.

(૩) સામાન્યતઃ હસ્તપ્રત પર ક્રમાંક કરેલા હોય છે પણ કેટલાક ભંડારોમાં આ ક્રમાંકમાં પણ ગરબડ હોય છે.

(૪) ડહેલા ગ્રંથભંડાર કે સુરેન્દ્રસૂરિ જૈન જ્ઞાનભંડાર સિવાય આ બધા ભંડારોમાં વ્યવસ્થિત કૃતિ-કાર્ડ થયેલાં નથી. હસ્તપ્રતોને વિષયવાર કે ભાષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે કે અન્ય કોઈ રીતે ગોઠવી તેને ક્રમાંક આપવામાં કે હસ્તપ્રતોને અકારાદિક્રમે ગોઠવી ક્રમાંક કરવામાં આવ્યા હોય છે અને આ ક્રમાંક પ્રમાણે એની નોંધણી રજિસ્ટરમાં (ચોપડામાં) કરવામાં આવી હોય છે. આવા લિસ્ટમાં (રજિસ્ટરમાં) જેમાં કૃતિ-નામ, પત્ર-સંખ્યા, કર્તા કે વિષય જેવી ટૂંકી માહિતી આપવામાં આવેલી હોય છે. પણ કેટલાક ભંડારોમાં આમાં પણ અવ્યવસ્થા જોવા મળે છે. આ ભંડારોની સૂચિ ભાગ્યે જ છપાયેલી હોય છે.

(૫) કેટલાક ભંડારોમાં હસ્તપ્રત પર રેપર કરેલાં હોતાં નથી. હસ્તપ્રતો સૂતરના દોરાથી બાંધીને કે કાગળની પટ્ટીઓ લગાડીને જુદી પાડવામાં આવી હોય છે. આ કાગળની પટ્ટી પર કૃતિનામ કે ક્વચિત કૃતિ અને કર્તાનું નામ લખેલું હોય છે.

(૬) હસ્તપ્રતની સુરક્ષા માટે કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોતી નથી. કેટલીક જગ્યાએ હસ્તપ્રત રાખવામાં આવેલી હોય તે ડબ્બામાં ઘોડાવજ (જંતુથી રક્ષણ આપનાર એક વનસ્પતિ) કે કાળીજીરીની પોટલી મૂકવામાં આવી હોય છે.

(૭) ઘણા ભંડારોની સાર-સંભાળ લેનાર કોઈ હોતું નથી અને હસ્તપ્રતો ગમે તેમ ઢગલાબંધ પડેલી હોય છે. એમાંથી કેટલીક હસ્તપ્રતો ગુમ થયેલી હોય છે.

(૮) હસ્તપ્રતની આપ-લે માટેની કોઈ વ્યવસ્થા મોટા ભાગના ગ્રંથભંડારોમાં કરવામાં આવી હોતી નથી. કેટલાક ભંડારોમાં સવારનો અમુક સમય હસ્તપ્રત આપ-લે માટે ફાળવવામાં આવ્યો હોય છે.

આ ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરવા માટે આ વિષયના જાણકાર વિદ્વાનો (આ વિષયના જાણકાર જૈન મુનિઓ સહિત) અને જે તે ગ્રંથભંડારના ટ્રસ્ટીઓએ મળીને એક **'મધ્યસ્થ હસ્તપ્રત ગ્રંથભંડારની વ્યવસ્થા-સુરક્ષા સમિતિ'**ની રચના કરવી જોઈએ.

આ સમિતિ પ્રથમ તબક્કામાં ગુજરાતમાં આવેલા હસ્તપ્રત ગ્રંથભંડારની વિસ્તૃત યાદી – નામ અને સરનામા સહિત – તૈયાર કરે.

આ પછી આ સમિતિ તરફથી એમણે નીમેલા કાર્યકરો આ જુદાજુદા સ્થાને આવેલા ગ્રંથભંડારોની જાતતપાસ કરી એની હાલની પરિસ્થિતિ અંગે હેવાલ તૈયાર કરે, આ પછી આ સમિતિના સભ્યો કે એમના દ્વારા નિયુક્ત કાર્યકરો-નિષ્ણાતો જે તે ગ્રંથભંડારના ટ્રસ્ટી કે વ્યવસ્થાપકને મળીને તે ભંડારને વ્યવસ્થિત કરવાનું આયોજન કરે. આ કાર્ય માટે જે તે સ્થળના સ્થાનિક કાર્યકરો કે સમિતિ તરફથી નિમાયેલ નિષ્ણાતોનો સહકાર લઈ આ કાર્ય કરવામાં આવે. પછી બીજા તબક્કામાં આ ગ્રંથભંડારોમાં મુખ્યત્વે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧) ગ્રંથભંડારમાં રહેલી હસ્તપ્રતોની મેળવણી-ચકાસણી

જો ગ્રંથભંડારની કાચી કે પાકી યાદી હોય તો તે સાથે અથવા તે સિવાય હસ્તપ્રતોની મેળવણી-ચકાસણી કરી ખૂટતી કે ગુમ થયેલી હસ્તપ્રતોની નોંધ કરી લેવી જોઈએ. આ ખૂટતી હસ્તપ્રતો જો તે કોઈને આપવામાં આવી હોય (ઈસ્યુ થયેલ હોય) તો તે પરત મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ.

## (૨) હસ્તપ્રતના પત્રોની ગણત્રી

ગ્રંથભંડારની પ્રત્યેક હસ્તપ્રતના પત્ર મેળવી-ગણી લેવા જોઈએ. ઘટતા, ખૂટતા, વધતા કે ફાટેલા-તૂટેલા અને સચિત્ર પત્રોની નોંધ કરી લેવી જોઈએ. જેની નોંધ રેપર પર કરવાની રહેશે.

## (૩) હસ્તપ્રતને રેપર કરવાં

હસ્તપ્રતને જો રેપર ન કરેલાં હોય તો એને રેપર કરી લેવાં જોઈએ. ઘણા ગ્રંથભંડારોમાં આવાં રેપર કરેલાં હોય છે. તે રેપર એસીડયુક્ત બ્રાઉનપેપર કે અન્ય એવા કાગળનાં કરેલાં હોય છે તેને દૂર કરી એસીડમુક્ત કાગળનાં (ગાંધી આશ્રમ સાબરમતી, અમદાવાદમાંથી પ્રાપ્ત થતા) – હાથવણાટના કાગળનાં રેપર કરી લેવાં જોઈએ. જેથી હસ્તપ્રતને લાંબે ગાળે પણ નુકસાન ન થાય.

## (૪) હસ્તપ્રતને સાઈઝ (કદ-માપ) પ્રમાણે ગોઠવવી રેપર કરવાં

હસ્તપ્રતનો જૂનો ક્રમાંક હસ્તપ્રતની ડાબી બાજુએ ખૂણા પર લખી નાખવો જોઈએ. આ પછી હસ્તપ્રતને સાઈઝ પ્રમાણે (જો સાઈઝ પ્રમાણે ન ગોઠવી હોય તો) ગોઠવી લેવી જોઈએ ત્યારબાદ હસ્તપ્રતની એકસરખી ઊંચાઈની (સામાન્યતઃ ૧૧ કે ૧૨ ઈંચની) થોકડીમાં ગોઠવી દેવી જોઈએ. આ થોકડીને આ પછી એક બે ત્રણ એમ ક્રમાંક આપી દેવા જોઈએ. (આ ક્રમાંક જ પછીથી જ્યારે હસ્તપ્રતની થોકડી લાકડાના ડબામાં મૂકવામાં આવશે ત્યારે ડબાના ક્રમાંકમાં ફેરવાઈ જશે)

## (૫) હસ્તપ્રતને ક્રમાંક કરવા

આ થોકડી રચાઈ જાય તે પછી એક-એક હસ્તપ્રત લઈ તેની જમણી બાજુના ઉપરના ખૂણામાં ક્રમાંક (નવો) લખી લેવો જોઈએ.

## (૬) હસ્તપ્રતનાં સૂચિ-કાર્ડ તૈયાર કરવાં

આ પછી હસ્તપ્રતવિદ્યા અને સૂચીકરણ કરવાના જાણકાર નિષ્ણાતો પાસે પ્રત્યેક હસ્તપ્રતનું સૂચિ-કાર્ડ તૈયાર કરાવવું જોઈએ (સૂચિ-કાર્ડનો નમૂનો તૈયાર કરી તે પ્રમાણે તે છપાવી લેવાં જોઈએ.) છપાવેલા કાર્ડમાં વિગતો પૂરી આ કાર્ડ તૈયાર કરાવી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭) સૂચિ-કાર્ડની રજિસ્ટરમાં નોંધણી

આ પ્રમાણે સૂચિ-કાર્ડ તૈયાર થઈ જાય તે પછી તે કાર્ડ ક્રમાંકાનુસાર એક રજિસ્ટરમાં નોંધી લેવાં જોઈએ. આમ આ રીતે તે ભંડારનું સૂચિ-રજિસ્ટર (ચોપડો) તૈયાર થઈ જશે. આ રજિસ્ટરની એક નકલ ઝેરોક્ષ કરાવી મધ્યસ્થ સમિતિને સુપ્રત કરવી જોઈએ.

## (૮) સૂચિ-કાર્ડને કાર્ડ-કેબિનેટમાં મૂકવાં

રજિસ્ટરમાં સૂચિ-કાર્ડની નોંધણી થઈ જાય તે પછી તેને અકારાદિ ક્રમે ગોઠવી કાર્ડ કેબિનેટમાં ગોઠવી દેવાં જોઈએ.

## (૯) હસ્તપ્રતોને લાકડાના ડબામાં મૂકી તે ડબા કબાટમાં મૂકવા

હસ્તપ્રતોને સાગના લાકડામાંથી બનાવેલા ડબા બનાવરાવી (જે ઠેકાણે ડબા તૈયાર હોય તો તેમાં) તેમાં થોકડીબદ્ધ હસ્તપ્રતો મૂકી દેવી જોઈએ. અને તે ડબા સ્ટીલના (કે લાકડાના) કબાટમાં મૂકવા જોઈએ. અને ડબાને ક્રમાંક આપી દેવો જોઈએ. (થોકડીનો ક્રમાંક જ ડબાના ક્રમાંકમાં ફેરવાઈ જશે.)

## (૧૦) હસ્તપ્રત ભંડારો અન્તર્ગત પ્રાપ્ત હસ્તપ્રતની સંકલિત યાદી બનાવવી

ઉપર જણાવ્યા અનુસાર જે તે હસ્તપ્રત ભંડારના સૂચિ રજિસ્ટરની ઝેરોક્ષ નકલ. (જે મધ્યસ્થ સમિતિને મોકલવામાં આવી હોય તે) પરથી કોમ્પ્યુટરની સહાયથી તેમાં નોંધાયેલ બધી હસ્તપ્રતની એન્ટ્રીની અકારાદિ ક્રમે ગોઠવણી કરી સંકલિત યાદી તૈયાર કરી શકાય.

## (૧૧) સંકલિત યાદીને પ્રકાશિત કરવી

તૈયાર થયેલ સંકલિત યાદીને પ્રકાશિત કરવાનું આયોજન કરી શકાય. જે હસ્તપ્રત અંગેનું કામ કરનાર સંશોધક કે વિદ્યાર્થીને સુલભ થાય એની વ્યવસ્થાની ગોઠવણી કરી શકાય.

આ સિવાય નીચે પ્રમાણે વ્યવસ્થા દરેક ભંડારમાં ગોઠવવી જોઈએ.

## (૧) હસ્તપ્રતની સુરક્ષા-સંરક્ષણની વ્યવસ્થા

હસ્તપ્રતની સુરક્ષા માટે તેને રાખવામાં આવી હોય તે કબાટમાં કે ડબામાં ઘોડાવજ (એક જંતુરક્ષક ઔષધિ) કે કાળીજીરીની પોટલીઓ મૂકી દેવી જોઈએ.

## (૨) ગ્રંથની સાર-સંભાળ-સાફસૂફી અંગેની વ્યવસ્થા

આ હસ્તપ્રતભંડારની સાર-સંભાળ થતી રહે અને અવારનવાર બધી હસ્તપ્રતોની સાફસૂફી થતી રહે તેવી વ્યવસ્થા રૂપે એક વ્યક્તિની પાર્ટ-ટાઈમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધોરણે કાયમી નિમણૂક કરવી જોઈએ. જેથી હસ્તપ્રતને કોઈ નુકસાન ન પહોંચે.

## (૩) હસ્તપ્રત કે એની ઝેરોક્ષ નકલ મળે તેવી વ્યવસ્થા

જે તે ગ્રંથભંડારનું કાર્યાલય સવારના બે કે ત્રણ કલાક અને શક્ય હોય તો સાંજે પણ બે કલાક ખુલ્લું રહે અને તે સમય દરમ્યાન હસ્તપ્રત જરૂરિયાતવાળાને (વિદ્યાર્થી કે વિદ્વાન કે સંશોધકને) તે સહેલાઈથી જોવા મળે કે એની ઝેરોક્ષ નકલ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ અંગે મધ્યસ્થ સમિતિએ જે તે ભંડારના ટ્રસ્ટી કે વ્યવસ્થાપકને મળીને વ્યવસ્થા ગોઠવવી જોઈએ. મધ્યસ્થ સમિતિ હસ્તપ્રત સહેલાઈ મળી રહે તે માટે જરૂર જણાય તો દરમ્યાન થાય.

આમ આ રીતે હસ્તપ્રત ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરી શકાય. આમ કરવાની તાકીદી જરૂર છે. તે એટલા માટે કે (૧) આ હસ્તપ્રતો કે જેમાં આપણાં સાહિત્ય, સંસ્કૃતિ અને ઇતિહાસની સામગ્રી વિપુલ પ્રમાણમાં ભરી પડી છે તે સચવાઈ જાય. એનો નાશ થતો અટકે. આ આપણો અમૂલ્ય સંસ્કારવારસો છે. આ રાષ્ટ્રીય વારસાનું જતન કરવું તે આપણા સૌ કોઈની પ્રાથમિક ફરજ છે.

(૨) પ્રાચીન-મધ્યકાલીન અપ્રકાશિત હસ્તપ્રતને સંપાદિત-સંશોધિત કરી પ્રગટ કરવા ઇચ્છુક વિદ્વાનોને જે હસ્તપ્રત પર સંશોધન કરવું હશે તે માટે સાધન-સામગ્રી હાથવગી થશે. આમ થશે તો આ પ્રકારનાં સંશોધન-સંપાદનમાં વેગ આવશે.

ઉપર જણાવેલ કાર્ય માટે સારી એવી આર્થિક જરૂરિયાત ઊભી થાય તેમ છે તો તે માટે મધ્યસ્થ સમિતિએ ભંડોળ ઊભું કરવું જોઈએ. આ માટે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર કે યુ. જી. સી. પાસેથી ગ્રાંટ મેળવી શકાય. આણંદજી કલ્યાણજીની પેઢી કે અન્ય જૈન સંસ્થા કે ટ્રસ્ટ પાસેથી પણ આર્થિક સહાય મેળવી શકાય. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાને પણ આમાં સાંકળી શકાય. આપણા આદરણીય જૈન મુનિઓ-સાધુઓનો પણ આમાં સહકાર લઈ આર્થિક ભંડોળ ઊભું કરી શકાય.

□

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org